BUSINESS મિત્ર

પશ્ચિમ એશિયામાં તણાવ અને ક્રૂડના વધતા ભાવને કારણે બજારમાં 'બ્લેક મંગળવાર' જેવો માહોલ

શેરબજારમાં ધબડકો: સેન્સેક્સ 1100 પોઈન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 6: ધૂળેટીના દિવસે શેરબજારમાં તેજી આવી હતી, પણ આજે સવારથી જ વેચવાલી ચાલુ રહેવા પામી હતી, જેમાં ફરીથી બજાર નીચલા સ્તરે પહોંચી ગયું હતું. બીએસએઈ ખાતે 1100 પોઈન્ટ અને નિફ્ટી 300 પોઈન્ટનો કડાકો બોલાયો હતો. ખાસ કરીને ક્રુડ ઓઈલના વધતા ભાવની અસર જોવા મળી હતી. આ ઉપરાંત, પશ્ચિમ એશિયામાં વધતા ભૌગોલિક રાજકીય તણાવ અને રોકાણકારોના સેન્ટિમેન્ટ પર સતત ફોરેન ફંડના પ્રવાહ સાથે સેન્સેક્સ-નિફ્ટી મોટા નુકશાન સાથે સમાપ્ત થયા હતા. બીએસઈ સેન્સેક્સ 1097 પોઈન્ટ એટલે કે 1.37 ટકા ઘટીને 79000 પોઈન્ટની સપાટી તોડીને 78918.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. નિફ્ટી 315.45 પોઈન્ટ એટલે કે 1.27 ટકા તૂટીને 24500ની સપાટીની નીચે સરકીને 24450.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24700 પોઈન્ટના સ્તર સુધી ઉછળી હતી, જ્યારે 24415 પોઈન્ટ સુધી ઘટી હતી.

બેન્ક નિફ્ટી 1272.60 પોઈન્ટ એટલે કે 2.15 ટકા ઘટીને 58000 પોઈન્ટની સપાટી તોડીને 57783.25 પઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ઈન્ડિયામાર્ટ 61.52 ગણા, ક્રિલોસ્કર બ્રધર્સ 31.43 ગણા, સેફાયર ફુડસ 25.5 ગણા, યુનાઈટેડ બ્રેવરેજીસ21.3 ગણા અને જયુપીટર વેગન્સ 14.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે જયુપીટર વેગન્સમાં 47.37 ગણા, ક્રિલોસ્કર બ્રધર્સ 46.3 ગણા, ઈરકોન ઈન્ટરનેશનલ 24.69 ગણા, એલીકોન એન્જીનીયરીંગ 7.73 ગણા અને એલટી ફુડસ 6.84 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં વેચવીલી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.07 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.67 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જોકે, આજે લાર્જકેપ શેરોમાં વધુ ખરાબ પ્રદર્શન જોવાયું હતું. માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2118 શેરો વધ્યા હતા, જ્યારે 2047 શેરો ઘટ્યા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા. પ્રાઈવેટ બેન્ક શેરોમાં ભારે વેચવાલી રહી હતી. નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સ 2.27 ટકા ઘટ્યા હતા. જેમાં આઈસીઆઈસીઆઈ બેન્ક, એકસીસ બેન્ક, એચડીએફસી બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, આરબીએલ બેન્ક, કોટક બેન્ક, બંધન બેન્ક, ફેડરલ બેન્ક, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક અને યસ બેન્ક ઘટયા હતા. વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ઈન્ડેક્સ ફ્યુચર્સ 176 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો ઘટાડા સાથે ખુલી શકે છે. જ્યારે યુરોપિયન બજારો પણ નીચલા સ્તરે ચાલી રહ્યા છે. ઈરાન યુદ્ધના કારણે બળતણ મોંઘું થયું છે, જેથી એશિયન બજારોમાં રાતોરાત વોલસ્ટ્રીટના નુકશાનને ટ્રેક કરે છે. જોકે, મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ રહ્યા હતા. જોકે, આજે ક્રુડના ભાવમાં વધઘટ બાદ 87 ડોલર બોલાઈ ગયો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.01 ટકા, કેક 0.29 ટકા અને ડેક્સ 0.19 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.47 ટકા, સ્ટ્રેઈટસ 0.03 ટકા, હેંગસેંગ 1.65 ટકા, કોસ્પી 0.02 ટકા, શાંઘાઈ 0.38 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 1.65 ટકા, તાઈવાન 0.22 ટકા ઘટડા સાથે બંધ રહ્યા હતા.

ડોલરમાં મજબૂતાઇ, 14 પૈસા વધ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 14 પૈસા ઘટ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 91.75ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 91.61ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.67, પાઉન્ડ 122.32, કેનેડિયન ડોલર 66.96, ઓસ્ટ્રેલિયન ડોલર 64.21, જાપાનીઝ યેન 0.5812 અને સીંગાપોર ડોલર 71.67ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	91.74 રૂ.
યુરો	106.67 રૂ.
પાઉન્ડ	122.32 રૂ.
યેન	0.5812 રૂ.

સેન્સેક્સ	-1097.00	78918.90
નિફ્ટી	-315.45	24450.45
બેન્ક નિફ્ટી	-1272.60	57783.25

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	1.84	468.45
રિલાયન્સ ઇન્ડ.	1.11	1404.80
ઓએનજીસી	0.94	278.95
સન ફાર્મા	0.83	1799.40
એનટીપીસી	0.67	380.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ICICI બેન્ક	3.26	1313.40
ઇટર્નલ	3.15	232.57
શ્રીરામ ફાઇનાન્સ	3.08	1007.50
એક્સીસ બેન્ક	2.47	1315.80
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.45	11987.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ભારત ઇલે.	1.82	468.35
રિલાયન્સ ઇન્ડ.	1.11	1405.20
સન ફાર્મા	0.68	1795.00
એનટીપીસી	0.61	380.45
ઇન્ફોસીસ	0.26	1308.25

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	3.39	232.15
ICICI બેન્ક	3.39	1313.35
એક્સીસ બેન્ક	2.58	1315.90
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.56	11986.75
HDFC બેન્ક	2.39	857.10

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૪૮૫૦
તેજાબી સોનું	૧૬૪૭૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૬૬૧૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૬૧૫૫૦
સોનાનાં બિસ્કીટ	૧૬૪૮૫૦૦
ચાંદી (૯૯૯)	૨૭૦૫૦૦
ચાંદી સિક્કા	૨૭૨૦૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૪૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલ્વોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૯૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૬૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

બજેટમાં T.D.S./T.C.S.માં સુધારો

1. મોટર અકસ્માતના કેઈસોમાં હાલ સુધી 50000થી વધુના વ્યાજ ઉપર T.D.S. કપાતો હતો પરંતુ 1.4.2026થી હવે આવું વ્યાજ સંપૂર્ણ કરમુક્ત છે.

2. હાલમાં 50 કરોડથી ઓછા ટર્નઓવરવાળી સહકારી મંડળી બીજી સહકારી મંડળીને વ્યાજ આપે કે મંડળીના સભ્યોને વ્યાજ આપે તો T.D.S.ની જોગવાઈ લાગુ પડતી નથી. પરંતુ સહકારી બેંક અન્ય સહકારી મંડળીઓ કે જે બેંકીંગ કરે છે તેને વ્યાજ આપે તો T.D.S.ની જોગવાઈથી અસમાનતા ઊભી થતી હતી તે દૂર કરવા હવે આ રીતના વ્યાહારોને પણ T.D.S.માંથી મુક્તિ આપી છે.

3. ઓછા અથવા નીલ T.D.S. જે કરદાતા ભાગીદારી પેઢી, ટ્રસ્ટ કે કંપનીને T.D.S.ને લઈને નાણાંકિય હાડમારી વેઠવી પડતી હોય છે અને T.D.S.ને કારણે રીફન્ડ લેવામાં મોડું થતા ફંડ રોકાયેલું રહેતું હોય છે તેઓ આવક વેરા અધિકારીને અરજી કરીને આવા સર્ટીફીકેટ મેળવી લેતા હોય છે પરંતુ આ આખો પ્રોસેસ મેન્યુઅલ હોય છે જે હવે ઓન લાઈન સબમીટ કરવાનો રહેતા ભ્રષ્ટાચારનો દાયરો હજુ ઘટી જશે.

4. ઉપરોક્ત સિવાયના એટલે કે વ્યકિતગત અને H.U.F. કરદાતા કે જેઓ પ્રાઈવેટ વ્યાજ અને અન્ય આવક મેળવતા હોય છે. તેઓને ફોર્મ નં. 15જી અને સિનીયર સીટીઝનને 15એચના ફોર્મ આપીને T.D.S. કાપવા માંથી મુક્તિ મેળવતા હતા પરંતુ આ કરદાતાઓને કંપનીમાંથી ડિવિડન્ડ, સિક્યુરીટી વ્યાજ અને યુનિટ આવક એકથી વધારે કંપનીમાંથી થતી હોય અને આવી સિક્યુરીટી ડિમેટ સ્વરૂપે હોય તો ડિપોઝીટરીને આવા ઓન લાઈન ડેકલેરેશન સબમીટ કરવાથી અલગ અલગ ફોર્મ આપવાની જફામાંથી મુક્તિ મળશે.

5. માણસો પૂરા પાડવા (મેન પાવર સપ્લાય) જે હાલ સુધી કોન્ટ્રાક્ટ પેમેન્ટમાં સમાવિષ્ટ થતું હતું તેને હવે અલગથી એન્ટ્રી પાડીને લેવામાં આવ્યું છે જેમાં

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

Skilled અને Unskilled સપ્લાય બંને આવી જશે. પેમેન્ટ આપનાર જો વ્યકિતગત નહિ હોય તો 2 ટકા કાપવા પડશે.

6. એનઆરઆઇ દ્વારા ભારતની સ્થાવર મિલકતના વેચાણમાં રહીશ ખરીદનાર TAN નંબર મેળવવો પડે છે એને બદલે હવે PAN નંબરથી ટેક્ષ કપાત કરી શકાશે.

7. T.C.S.- રાહતકારક ઘટાડો

આલ્કોહોલિક, સ્ક્રેપ અને મિનરલ્સમાં TCSરેઈટ 1 ટકાથી વધારી 2 ટકા કરવામાં આવ્યો છે.

» હાલ સુધી L.R.S. (Liberalised Remihance scheme) અંતર્ગત મેડિકલ અને શૈક્ષણિક હેતુથી દેશ બહાર નાણાં મોકલનાર 10 લાખ સુધીનો ખર્ચ કરી શકે છે જેમાં કોઇ TCS નથી અને 10 લાખથી વધુમાં 5 ટકા TCS છે જે ઘટાડીને 2 ટકા કરવામાં આવ્યો છે.

» ઓવરસીસ ટૂર અને ટ્રાવેલ પેકેજ કે જેમાં ટ્રેન, વિમાનની ટિકિટ, હોટલમાં રહેવા, જમવાનું અને અન્ય ખર્ચાઓ સામેલ છે તેમાં 10 લાખ સુધીના ખર્ચા ઉપર 5 ટકા અને 10 લાખથી વધુ માટે 20 ટકા TCS છે જે એકસરખો 2 ટકા કરવામાં આવ્યો છે. (કોઇ બેઝિક કરમુક્ત લિમિટ નથી.)

» મેડિકલ અને શૈક્ષણિક હેતુ સિવાયના માટે ભારત બહાર નાણાં મોકલવા માટે 10 લાખથી વધુની લીમીટ માટે 20 ટકા TCSની જોગવાઇ જેમની તેમ રાખી છે.

8. બોર્ડ દ્વારા T.D.S./T.C.S. સંબંધિત કોઇ પણ અર્થઘટન માટે પરિપત્ર બહાર પાડવામાં આવે તે આવકવેરા અધિકારી તથા ટેક્ષ કાપનારને બંધનકર્તા રહેશે.

અખાતી યુદ્ધની અસર: અમેરિકી શેરબજારમાં ભારે કડાકો

ડાઉ જોન્સમાં ૯૦૦ પોઇન્ટથી વધુનું ગાબડું, S&P-500 ઇન્ડેક્સ 1.6% ગગડ્યો

યુરોપિયન શેરબજારો પણ ગગડ્યા, જો કે એશિયન બજારો સુધર્યા

ન્યૂયોર્ક, તા. 6(AP): નાણાકીય બજાર માટેની સૌથી ખરાબ સ્થિતિ - નબળું પડતું અર્થતંત્ર અને ઊંચો ફુગાવોના સંકેતો મળ્યા બાદ શુક્રવારે અમેરિકન શેરબજારમાં ભારે કડાકો જોવા મળી રહ્યો છે.

અમેરિકામાં ગત મહિને રોજગારી સર્જવાને બદલે નોકરીઓમાં કાપ મુકાયો હોવાનો રિપોર્ટ આવતા અને ઈરાન યુદ્ધને કારણે તેલના ભાવ લગભગ બે વર્ષની ટોચે પહોંચતા S|P 500 ઈન્ડેક્સ 1.6% ગગડ્યો હતો. આ એક એવું સંયોજન છે જેને રોકાણકારો બિલકુલ પસંદ કરતા નથી, કારણ કે નબળા અર્થતંત્ર અને ઊંચા ફુગાવાને એકસાથે ઠીક કરવા માટે વિશ્વમાં કોઈની પાસે સચોટ ઉપાય નથી. પૂર્વીય સમય મુજબ સવારે 9:35 વાગ્યે ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 909 પોઈન્ટ્સ અથવા 1.9% નીચે હતો અને નાસ્ડેક કમ્પોઝિટ 1.6% નીચો હતો. એનેક્સ વેલ્થ મેનેજમેન્ટના ચીફ ઈકોનોમિક સ્ટ્રેટેજિસ્ટ બ્રાયન જેકોબસનના જણાવ્યા અનુસાર, તમે આ રિપોર્ટને સારો બતાવી શકો નહીં. પેરોલના નકારાત્મક આંકડા અને તેલના ભાવમાં મોટો ઉછાળો ટ્રેડર્સને 'સ્ટેગફ્લેશન'ના જોખમો વિશે ચિંતિત કરશે.

બોન્ડ માર્કેટમાં, ટ્રેઝરી યીલ્ડમાં વધુ વધારો થયો છે કારણ કે તેલના ભાવમાં ઉછાળાએ ફુગાવાના દબાણને વધુ વેગ આપ્યો છે. સીએમઈ ગ્રુપના ડેટા અનુસાર, વધુ ટ્રેડર્સ હવે એવી શક્યતા પર દાવ લગાવી રહ્યા છે કે ફેડરલ રિઝર્વ આ વર્ષે વ્યાજદરમાં ઓછામાં ઓછા બે વાર ઘટાડો કરવાને બદલે માત્ર એક જ વાર ઘટાડો કરશે. 10 વર્ષની ટ્રેઝરી યીલ્ડ ગુરુવારે મોડી રાત સુધીમાં 4.13% હતી અને ઈરાન સાથે યુદ્ધ શરૂ થયા પહેલા 3.97% હતી, જે હવે વધીને 4.17% થઈ ગઈ છે. વિદેશી શેરબજારોમાં, એશિયામાં સારી સ્થિતિ બાદ યુરોપમાં સૂચકાંકો ગગડ્યા હતા. ફ્રાન્સનો CAC 40 1.6% ઘટ્યો અને જર્મનીનો DAX 1.8% તૂટ્યો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ 1.7% અને જાપાનનો નિક્કી 225 0.6% વધ્યો હતો.

અબજોપતિઓની સંખ્યામાં ભારત વિશ્વમાં ત્રીજા સ્થાને

હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ: મુકેશ અંબાણીએ ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું

ભારતમાં અબજોપતિઓની કુલ સંખ્યા વધીને હવે 308 થઈ

નવી દિલ્હી, તા. 6: હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ 2026ના તાજેતરના આંકડાઓ મુજબ, ભારત હવે વિશ્વમાં અબજોપતિઓનું ત્રીજું સૌથી મોટું કેન્દ્ર બની ગયું છે. ભારતમાં અબજોપતિઓની કુલ સંખ્યા વધીને હવે 308 પર પહોંચી ગઈ છે. આ યાદીમાં ચીન 1110 અબજોપતિઓ સાથે પ્રથમ સ્થાને અને અમેરિકા 1000 અબજોપતિઓ સાથે બીજા સ્થાને છે. ભારતે જે રીતે આર્થિક પ્રગતિ કરી છે તે જોતા તે 'વેલ્થ ક્રિએશન'માં વિશ્વનું નવું પાવરહાઉસ બની રહ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. તેમની કુલ સંપત્તિમાં 9 ટકાનો વધારો થયો છે અને તે હવે રૂ. 9.8 લાખ કરોડ થઈ ગઈ છે. બીજી તરફ, અદાણી ગ્રુપના ગૌતમ અદાણી રૂ. 7.5 લાખ કરોડની સંપત્તિ સાથે ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે.

રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, ભારતીય અબજોપતિઓની સંયુક્ત સંપત્તિમાં 10 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, જે હવે વધીને 112.6 લાખ કરોડ થઈ ગઈ છે. મુંબઈ અને દિલ્હી જેવા શહેરો ભારતના અબજોપતિઓના મુખ્ય મથક તરીકે ઉભરી આવ્યા છે. આ આંકડાઓ વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતની વધતી જતી મજબૂત પકડનો પુરાવો આપે છે.

કર્ણાટકમાં દારૂના ભાવ હવે 'કંટ્રોલ મુક્ત': લીકર શેરોમાં તેજી જોવા મળશે

બ્રોકરેજ હાઉસીસ દ્વારા યુનાઇટેડ સ્પિરિટ્સ, યુનાઇટેડ બ્રુઅરીઝ અને એલાઇડ બ્લેન્ડર્સ પર બાય રેટિંગ આપ્યું

નવી દિલ્હી, તા. 6: કર્ણાટકમાં બજેટ રજૂ કરવામાં આવ્યું છે, જેમાં કર્ણાટક સરકારે દારૂને લઇને એક મોટો અને સાહસિક નિર્ણય લીધો છે, જેમાં સરકારે બજેટમાં દારૂના ભાવને નિયંત્રણમુક્ત કરવાની જાહેરાત કરી છે. હવે દારૂની માત્રા પર ટેક્સ નક્કી કરવામાં આવશે. કર્ણાટક સરકારે દારૂની નીતિમાં ફેરફાર કર્યા છે. કર્ણાટકમાં હવે દારૂના વેચાણના લાઇસન્સ ડિજિટલ મોડ દ્વારા ઉપલબ્ધ થશે. આ ફેરફારો 3થી 4 વર્ષમાં તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. દારૂના શેરમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે.

હાલના 16 પ્રાઇસિંગ સ્લેબને ઘટાડીને 8 સ્લેબ કરવામાં આવ્યા છે. બજેટમાં આલ્કોહોલ બિયર ટુરિઝમને પ્રોત્સાહન આપવાની પણ યોજના છે. ડિસ્ટિલરીઝ અને બ્રુઅરીઝને હવે પરીક્ષણ સત્રો યોજવાની મંજૂરી આપવામાં આવશે. ડિસ્ટિલરીઝ અને બ્રુઅરીઝ તેમના પરિસરમાં સીધા દારૂ વેચી શકશે.

કર્ણાટકના બજેટ પર નુવામાનું કહેવું છે કે સરકાર હવે રાજ્યમાં દારૂના ભાવ નક્કી કરશે નહીં. દારૂના ભાવોનું નિયંત્રણ ઘટાડવું એ એક સકારાત્મક પગલું છે. બ્રોકરેજે યુનાઇટેડ સ્પિરિટ્સ, યુનાઇટેડ બ્રુઅરીઝ અને એલાઇડ બ્લેન્ડર્સ પર બાય રેટિંગ આપ્યું છે. દારૂના વપરાશની દ્રષ્ટિએ કર્ણાટક સૌથી મોટા રાજ્યોમાંનું એક છે. કર્ણાટકમાં આઇએમએફએલનો હિસ્સો લગભગ 15 ટકા છે. ડિરેગ્યુલેશન હકારાત્મક છે. આનાથી સ્લેબ આધારિત પ્રાઇસિંગ કંટ્રોલ દૂર થયો છે. યુનાઇટેડ બ્રુઅરીઝનું કહેવું છે કે સરકારનું આ પગલું યોગ્ય દિશામાં એક પગલું છે.

રેલવે શેરોમાં 'બુલેટ ટ્રેન' જેવી તેજી

IRCON અને RVNL ના મર્જરના સમાચારથી બજાર ગરમ

રેલવેના પીએસયુ શેરોમાં 11 ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો

મુંબઇ, તા. 6: આજે રેલવેની જાહેર ક્ષેત્રની કંપનીઓના શેરોમાં જોરાદ ઉછાળો જોવા મળ્યો હતો. અહેવાલ અનુસાર રેલવે મંત્રાલયે ઈરકોન ઈન્ટરનેશનલ અને રેલ વિકાસ નિગમ લિ. સાથે મર્જ કરવાનો ઔપચારિક પ્રસ્તાવ રજૂ કર્યો છે. રેલવે સેકટરની મોટા ભાગની કંપનીઓના શેરોમાં ઉછાળો જોવાયો હતો, જેમાં 11 ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે.

ઈરકોન ઈન્ટરનેશનલ 11 ટકા વધીને રૂ. 148.35 અને આરવીએનએલ 3 ટકા વધીને રૂ. 288.30નો ભાવ બોલાયો હતો. રાઈટસમાં આશરે 3.5 ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ સિવાય આઈઆરએફસીના શેરમાં 1.5 ટકાનો ઉછાળો જોવાયો હતો.

ઈરકોન ઈન્ટરનેશનલ એક એન્જિનીયરીંગ અને બાંધકામ કંપની છે, જે મુખ્યત્વે પરિવહન માળખાને લગત પ્રોજેકટસમાં નિષ્ણાત છે. કંપની પાસે મજબૂત આંતરરાષ્ટ્રીય નેટવર્ક પણ છે અને દક્ષિણ પુર્વ એશિયા અને મધ્ય પુર્વ સહિત 31 દેશોમાં 900થી વધુ પ્રોજેક્ટસ પુર્ણ કર્યા છે, તે એક નવરત્ન સરકારી કંપની છે.

ફ્લિપકાર્ટમાં 'સફાઈ અભિયાન': 300થી વધુ કર્મચારીઓની છટણી

કંપની આઇપીઓ પૂર્વે નફામાં લાવવાનો પ્રયાસ કરવા માટે છટણીનો નિર્ણય લીધો

નવી દિલ્હી, તા. 6: ઈ-કોમર્સ જાયન્ટ ફ્લિપકાર્ટે તેની વાર્ષિક કામગીરી સમીક્ષાના ભાગરૂપે આશરે 300 કર્મચારીઓને છૂટા કરી દીધા છે. એક અહેવાલ અનુસાર કંપનીને વધુ મજબૂત અને ખર્ચને નિયંત્રિત કરવા માટે આ પગલું ભર્યું હોવાનું કહેવાયું છે. બજારની સખત સ્પર્ધા અને રોકાણકારોના દબાણને ધ્યાનમાં રાખીને ફ્લિપકાર્ટે અંડરપર્ફોમીંગ સ્ટાફને નિશાન બનાવ્યું હતું. ફ્લિપકાર્ટનો આ નિર્ણય તાજેતરના વૈશ્વિક આર્થિક પડકારોનું પરિણામ છે. વોલમાર્ટમાં બહુમતી હિસ્સો ધરાવતી કંપનીને કુલ 30 હજારથી વધુ કર્મચારીઓમાંથી 2થી 3 ટકા લોકો અસર કરી હતી. આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્તોને સ્વૈચ્છિક રાજીનામું અથવા સારા છૂટાછેડા પેકેજનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક મહિનાઓથી ફ્લિપકાર્ટ પર અનેક મોરચે દબાણ છે. એએનએસ કોમર્સ જેવી પેટા કંપનીઓ બંધ કરવામાં આવી હતી અને આખી ટીમને બરતરફ કરવામાં આવી હતી. એમેઝોન અને મીશોની સ્પર્ધા તીવ્ર છે, જ્યાં ડિસ્કાઉન્ટ યુદ્ધે માર્જિન બગાડ્યું છે. 2026ના બજેટને વોલમાર્ટ દ્વારા નકારી કાઢવામાં આવ્યું હતું, કારણ કે આઈપીઓની તૈયારીમાં નફાકારકતા બતાવવાની જરૂર હતી.

ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં આ વલણ સામાન્ય બની ગયું છે. ફ્લિપકાર્ટે અગાઉ 2023 અને 2025માં ઘટાડો કર્યો હતો, પરંતુ આ વખતે પ્રદર્શનને માફ કરવામાં આવ્યું હતું. ફ્લિપકાર્ટ ગ્રુપનો ભાગ મીશો ઝડપથી વિકસી રહ્યો છે, જ્યારે મુખ્ય પ્લેટફોર્મ સંઘર્ષ કરી રહ્યું છે.

કંપની ભારતમાં આઈપીઓની તૈયારી કરી રહી છે, જે 2026ના અંતમાં અથવા 2027ની શરૂઆતમાં આવી શકે છે. આવી સ્થિતિમાં, આ છટણીને ફ્લિપકાર્ટની વ્યૂહરચનાનો એક ભાગ માનવામાં આવે છે, જેથી તે રોકાણકારોને વધુ સારી નાણાકીય સ્થિતિ બતાવી શકે.

ઈંધણની અછતની અફવાઓ

લખીમપુરી ખેરી (ઉ.પ્ર.), તા. 6 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે પેટ્રોલિયમ ઉત્પાદનો અને એલપીજી (એલપીજી) ની અછત સર્જાશે તેવી અફવાઓએ ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરી અને બારાબંકી જિલ્લાઓમાં ભારે દોડધામ મચાવી દીધી હતી. શુક્રવારે આ અફવાઓને કારણે ગભરાયેલા લોકો પેટ્રોલ પંપો પર ઉમટી પડ્યા હતા અને ત્યાં વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. નિઘાસન, પલિયા અને ભીરા જેવા વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો લાગી હતી.

જોકે, જિલ્લા વહીવટીતંત્રે આ અફવાઓને સજ્જડપણે નકારી કાઢી છે. જિલ્લા પુરવઠા અધિકારી અંજની કુમાર સિંહે સ્પષ્ટતા કરી છે કે જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ કે રાંધણ ગેસની કોઈ જ અછત નથી અને પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. તેમણે લોકોને ગભરાયા વગર જરૂરિયાત મુજબ જ ખરીદી કરવાની અપીલ કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ દુર્ગા શક્તિ નાગપાલે પણ લોકોને શાંતિ જાળવવા વિનંતી કરતા જણાવ્યું હતું કે પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય છે.

રિલાયન્સ પાવર પર EDની તવાઈ કે અફવા?

મુંબઈ-હૈદરાબાદમાં 12 સ્થળોએ દરોડાના અહેવાલ

અનિલ અંબાણીની કંપનીએ આવા દરોડાઓથી કર્યો ઈનકાર

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ શુક્રવારે ઉદ્યોગપતિ અનિલ અંબાણીની કંપની રિલાયન્સ પાવર લિમિટેડ સાથે જોડાયેલી સંસ્થાઓ સામેની તપાસના ભાગરૂપે મુંબઈ અને હૈદરાબાદમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુંબઈ અને હૈદરાબાદમાં કંપની અને તેના અધિકારીઓ સાથે સંકળાયેલા અંદાજે 10-12 સ્થળો પર એજન્સીની 15 ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, રિલાયન્સ પાવરે શેરબજારને આપેલી માહિતીમાં સ્પષ્ટપણે આ બાબતનો ઈનકાર કર્યો છે. કંપનીએ નિવેદનમાં જણાવ્યું છે કે, તેમની જાણકારી મુજબ કંપનીની કોઈ પણ ઓફિસ કે પરિસરમાં આવી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ઈડી હાલમાં કથિત બેંક છેતરપિંડી અને મની લોન્ડરિંગ તેમજ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ નાણાકીય ગેરરીતિઓના કેસમાં અનિલ અંબાણી સાથે જોડાયેલી